**રહેમાનસે અને રહીમસે સાત આસમાનનો બનાવનાર તેની ઉપરસે તેનો સાત જમીનનો બીસાવનાર તેનો ભૂગર્ભમાં છે તેનો અને તેના પોલાણમાં સે તેનો સર્જનહાર અને પાલનહાર છે.**

# શિયા અંજુમને જાફરી કાણોદર

ઈ.સ.૧૯૪૯ ના દાયકાની આસપાસ સલેમા મહોલ્લામાં ધનાલના મકાનમાં પંજેતની સ્થાપના થઈ. ત્યાં મીજલીસોમાં આપણી બાજુથી સામેલ થનાર નુરભાઈ મેમદજી શાહુ અને તેમની ફેમેલી બચુભાઈ યુસુફ (માસ્તર). અવલીબેન નુ.મુખી, મરીયમબાઈ નુ.મુખી તેમની દીકરી મરીયમબાઈ વલીભાઈ મેમદજી મેઠા. અને અમીનાબાઈ વ.મેઠા આ લોકો ધનાલખાનામાં મજલીસો કરવા જતા હતા.

-એમ.એન.સલેમા.

તેમજ મોલવી રાજમહંમદની મશહદીની મજલીસોમાં, નુરભાઈ મે.શાહુ અને બચુકાકા ઈસુફ જતા હતા. લખનૌવથી ઈલ્મ હાસીલ કરીને આવ્યા પછી એક દિવસ નુ.મે.શાહુને રાજમહંમદ મોલવી અને હસનઅલી પટેલે કહ્યું કે તમારી બાજુ છોકરાઓને દીની તાલીમ મળે તે માટે કંઈક કરો તો નુરભાઈ શાહુએ જવાબ આપ્યો કે તમારી વાત બરાબર છે. શેઠ નુરભાઈ મામજી મુખીનો પણ વિચાર તો છે જ. થોડો સમય વિત્યા પછી એક દિવસ એન.કે.પલાસરા, વજીરભાઈ મેમદજી હાડા, નુ.મે. શાહુ, વલી મેમદજી મેઠા જુની મસ્જીદમાં શેઠ સાથે આ બાબત ચર્ચા કર્યા બાદ મોલવી રાજમહંમદને કુરઆનની તાલીમ માટે રાખવાનો ઈરાદો પાકો કર્યો અને તેના નિભાવ ખર્ચની શેઠ શ્રી હાજી નુરભાઈ મામજી મુખીએ જવાબદારી લીધી અને મોલવી રાજમહંમદે નવા કુવા વાસ ઉપર આવેલ બંગલો શ્રી અલીમહંમદ હસનઅલી નલવાલાની પરમીશન મેળવી તેવો વિના ભાડે બંગલો દિનિ તાલીમ માટે આપ્યો. કદાચ આ વાત ૧૯૫૩-૫૪ ની હશે તેમાં પ્રથમ કુરઆન ખત્મ કરનારાઓમાં (૧) નુ.વ. મેઠા (૨) રજબ.વ.હસન (૩) મરેમબાઈ અ.મુખી (૪) નુ.વ.પાસેરીયા જેવા અન્યનો સમાવેશ થાય છે.

- મહંમદઅલી પટેલ

આમ ૧૯૫૯ સુધીમાં ૫૫-૬૦ બાળકો આવતા હતા. ૧૯૬૦ માં બંગલામાં માહે મહોરમની મિજલીસો ચાલુ કરી ગમે હુસૈન હોય સવ કોઈ મીજલીસોમાં આવે આજુબાજુના શીઆ ઈસ્નાશરીના બૈરા, છોકરા તેમજ કાસમભાઈ ભપલ, અમદાભાઈ ભપલ વજીરભાઈનું બંગલા કરીમભાઈ મે.અમી. આ રીતે શરૂઆતમાં બૈરા છોકરા, પુરૂષો મળી આગળનો મોટો હોલ ભરાઈ જતો માંમદ વ.મુખી નુ.વી.મેઠા આ લોકો મજલીસો પઢતા એકાદ નહવો વલી મે. મેઠા પઢતા અને થોડી માતમ કરતા.

૧૯૬૨ પહેલા મોલવી રાજમહંમદ છુટા થયા અને ૬૨મો મુસ્લીમભાઈ અ.ગની મદ્રેસાનો ચાર્જ સંભાળ્યો ટુંક સમયમાં બાળકોની સંખ્યામાં દીન બ દીન વધતી ગઈ અને ૧૫૭ ની સંખ્યા થઈ તેથી શેઠ શ્રી હાજી નુ.મા. મુખીએ હસનભાઈ કુકીને અને પછી તાહેરાબાઈ વલી પારસી, કુલસમબાઈ વી. બાંમ અને ઝૈનબબાઈ હસન વાદીલાને પઢાવવા રાખેલ, ઈલ્મમો વધારો કઈ રીતે થયો, તેનું એક કારણ અંજુમની યાદ માટે મોખરે છે. જનાબ અહમદહુસૈન નુરભાઈ અધારીયા (બાપુ) - શેઠ નુરભાઈ મ.મુખી, ન.મે.શાહુ, નુરભાઈ વ.મેઠા વજીર નુ. બંગલા કરીમભાઈ મે.અમી, મીયાંજી વ. મેઠા અને હસનભાઈ નુ.શાહુ, વજીરકાકા હાડા, ડૉ. નાથા આ બધા બાપુની મીજલીસોના આશીક હતા. અલીમોને સરમાવે તેવું ઈલ્મ ખરેખર બાપુ પાસે હતું. તેના કારણે ત્રણ કંપનીઓ આર.ડી.મશહદી, બાપુની કંપની અને આપણા લોકો મળીને બંગલામાં તેમની ઘણી બધી મજલીસો કરી આના કારણે ઈલ્લમાં વધારો થયો.

- મુસ્લીમભાઈ ગની

પછી દિન બ દીન આ નાવ આગળને આગળ ચાલવા લાગ્યું, **અને શેઠશ્રી અહમદભાઈ અને શેઠશ્રી હાજી અકબરઅલી નુરભાઈ મુખીએ તનમન અને ધનથી અલ્લાહે નવાજેલી દૌલતનો સદઉપયોગ દિન બ દિન ઉદારતાથી કરવા લાગ્યા અને કુરઆનખાનીનું નિયાજ તેમજ ઈનામી વિતરણની પણ જોગવાઈ મરહુમ શેઠશ્રી હાજી નુ.મા.મુખી અને તેમની નેક ઔલાદ થકી ચાલુ કરી.** ખેરખર હું લખનાર નામ નથી લખતો પરંતુ અલ્લાહથી અને ઈમામ અ.સ.થી દુવા થકી ભીખ માગું છું કે અલ્લાહ તેમની નેકીઓ થકી તેમને અને તેમના વારીસોને દુનિયામાં અને જન્નતમાં આલા દરજ્જા એનાયત કરે અને ઈન્સાન ઈન્સાન છે માસુમ નથી તેથી તેમના સગીરા અને કબીરા ગુનાહો ને માફ કરે.

૧૯૬૩-૬૪ ની આ વાત છે માહે રમજાનના આખરી દિવસો હતા મારી હાજરી પણ તે વખતે બંગલામાં હતી અને મરહુમને અલ્લાહ જન્નત નશીન કરે. વજીરકાકા હાડાને નુ.મે.શાહુએ કહ્યું કે લોકો નવી મસ્જીદમાં ઈદની નમાજ માટે જતા નથી. તો હવે સંખ્યા પણ બહુ જ થશે. માટે આપણે આ વખતે ઈદની નમાજ જુની મસ્જીદમાં રાખીએ તો તમારું મંતવ્ય શું છે. તેથી નુ.મે.શાહુ કહ્યું ઈન્શા અલ્લાહ અને તે વર્ષે પહેલી વખત મરહુમ નુ.મે.શાહુ એ ઈદની નમાજ પઢાવી અને જુમાત તેમની પાસે માફી પણ મંગાવેલ પરંતુ તે સિલસિલો આજ દિવસ સુધી હુકમે ઈલાહીથી ચાલુ છે.

માટે કોઈપણ ચીજના પાયા સુધી પહોંચવું અને તેમની યાદોને તાજી કરવી અને તેમના માટે દુવાએ ખૈર કરવી તે પણ એક ઈબાદત છે.

**કોઈપણ ચીજ જન્મની સાથે મોટી નથી હોતી - આ મરહુમો આજની વિશાળ અંજુમનના પાયા હતા**

**શેઠશ્રી હાજી નુરભાઈ મામજી મુખી**

**મરહુમ નુરભાઈ મેમદજી શાહુ** — **મરહુમ વજીરભાઈ મેમદજી હાડા**

**મરહુમ નુરભાઈ કરીમદ પલાસરા** — **મરહુમ વલીભાઈ મેમદજી મેઠા**

પછી આ નાનકડા છોડને એક નવુ બળ મળ્યુ. ધોળકા રહેતા શ્રી મરહુમ કરીમભાઇ વજીર પોલીસ પોતાની સહ ફેમેલી સાથે કાણોદરમાં રહેવા આવી ગયેલ. ધોળકા હતા તેથી મહજબથી સંપુર્ણ વાકેફ હતા તેમને મરહુમ શ્રી વજીરભાઇ મે.હાડાનો મહંમદભાઇ વલી મુખીનો અને ડોસનભાઇ નાથાનો સહકાર મળી ગયો અને જુમાતમાં ઇનકલાબ આવ્યો આ ચાર હસ્તીઓને જુમાતે બહાર મુકી દીધા તેમના ટેકામાં પંદરથી વીસ ઘર જુમાતથી છેડો ફાડી નાખ્યો અને તેવો તથા નુ.ક.પલાસરા શેઠશ્રી અકબરભાઇ બધા મળીને એક મકાન રાખનું નક્કી કર્યું અને નુરી ફઇ મોહતરમા જવઝાએ રાજેમામજી પટેલ યાને અ.વ.કુગસીયાની સાસુનું મકાન રાખનું નક્કી કર્યું અને ત્યાં મજલીસો અને છોકરાઓ પઢાવવાનું કામ ત્યાં ચાલુ કર્યું અને જેમ જેમ સમય પસાર થતો ગયો તેમતેમ સભ્યોનો વધારો થતો ગયો અને આ અંજુમનના નાનકડા છોડનું સીંચન કરનાર ભણેલા ગણેલા અલ્લાહ તરફથી મળેલ નેક અકલ બહોળી રોજીથી નવાજેલા એવા મહેનતુ અને ઇમામના વફાદારો એવા **એમ.કે.મોમીન, એમ.એ.કુગશીયા, એમ.વી.મુખી, એ.વી.કુગશીયા, એન.વી. મેઠા અને સર્વ શેઠ અ.નુ. મુખીના આજ દિવસ સુધીનો સાથ અને સહકારતો ખરો જ.**

ઉપર દર્શાવિલ નેક મોમીનોને અલ્લાહ દુનિયામાં નેક તૌકીફ એનાયત કરે. બરજકમાં અલ્લાહની રહમતો અને બરકતો થાય. તેમના નાના-મોટા ગુનાહોને અલ્લાહ માફ કરે અને આલમે કયામતમાં ખાદી મેં અહલેબૈત હોવાના નાતે જન્નતના હકદારોમાં અલ્લાહ સામેલ કરે. (આમીન)

જન્મ આપે તે મા, પરંતુ બચપનથી હેતરાખી પાલન પોષણ કરનારને પણ મા જ કહેવાય તેવી જ રીતે મરહુમા નુરીબહેન રાજમહંમદ પોલરા (પટેલ) તેમણે આ અંજુમને પોતાના કુટુંબ, સમાજ અને જુમાતથી દુશ્મની વહોરી અને અંજુમની ખીદમત કરેલ છે. સમયના પરીવર્તન બાદ જો આવી વફાદાર હસ્તીઓના નામો-નિશાન મટી જાય તો તે કોમને અલ્લાહ કદીએ માફ કરતો નથી. તો ખીદમતગાર હસ્તીઓને અવારનવાર યાદ કરી તેમની મગફેરત માટે દુઆ કરવી આપણા માટે વાજીબ છે. વીસ વર્ષ સુધી ખીદમત કરી ૨૦૦૧ ની શરૂઆતમાં અલ્લાહને પ્યારા બની ગયા.

અ.તા.અ.સ.ના વસીલાથી અલ્લાહ તેમના ગુનાહોને બક્ષી દે અને ફાતેમા ઝહરા અ.સ.ના સદકાથી જન્નતમાં આલા દરજ્જા એનાયત કરે. (આમીન)

**અંજુમનની દીવાલો**

**એમ.કે.મોમીન**

| | |
|---|---|
| **એમ.એ. કુગશીયા** | **એમ.વી. મુખી** |
| **એ.વી. કુગશીયા** | **એન.વી.મેઠા** |

**એ.એન.મુખી**

હવે આપણે આખરી તબક્કામાં પ્રવેશીએ જે હાલમાં ગામ વચ્ચે શાનદાર ઇમારત ઇ.હુસેન અ.સ.ની યાદમાં ઉભી છે. જેનું નામ **શીઆ ઇસ્નાઅશરી અંજુમને જાફરી જૂમાત કાણોદર** અગાઉ ગ્રુપને આઠ દસ વર્ષ થયા હશે અને જુમાતમાંથી એક મોટુ જુથ તટસ્થ જમાત જુદુ થયું અને ડોસનભાઇ મામજી નાથાના મકાનમાં મીજલીસો ચાલુ કરેલ પરંતુ ટુંક સમયમાં શીયાઇસ્નાઅશરી રહેલા. બાજુવાળા શીઆ ઇસ્નાઅશરીમાં ગયા અને અલીભાઇ પલાસરા તેમનું મોટું કુટુંબ વલીભાઇ નુરમદ મુસા તેમનું કુટુંબ અને નુરભાઇ અ.અમી. તેમજ અન્ય અમી કુટુંબીજનો અંજુમને જાફરી જમાતમાં સરીક થઇ ગયા તેવી રીતે એક વિશાળ ૧૦૦ થી ૧૨૫ કુટુંબની જુમાત બની ગઇ પછી ૧૯૯૨-૯૩ તેના શરૂઆતના પ્રમુખ એન.કે.પલાસરા તેમજ સે.હસનભાઇ અધારીયા હતા. ત્યારબાદ શ્રી એમ.કે.મોમીન પ્રમુખ અને અહમદભાઇ વી. કુગશીયા સેક્રેટરીમાં આવ્યા અને ઉપર લખેલ પાંચ નામ સે તેની જુદો જેહાદથી આજે એક શાનદાર ઇમારત આપ નિહાળી રહ્યા છો. તેમાં બચ્ચાઓ દિની તાલીમ મેળવે છે. તેમાં મોહરમની મજલીસો અને માતમનો શોર આપ બધા જ સાંભળી રહ્યા છો.

પહેલો તબક્કો તે અંજુમને જાફરીનો પાયો છે. બીજો તબક્કો તેની દિવાલો છે અને તીસરો તબક્કો તેનું શપ્પર છે. આ રીતે અંજુમનો બાગ ખીલેલ છે.

**તો મરહુમોને યાદ કરી તેમની મગફેરતની દુઆ કરવી વાજીબ છે.**